RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 293 * Date: 14.8.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# હોર્મુઝમાં અમારી સ્ટીલની દીવાલ, ઈરાન ભાંગી પડવાના આરે



દુબઈમાં અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે દાવો કર્યો કે, ૨૦ યુદ્ધજહાજોથી હોર્મુઝમાં 'સ્ટીલની દીવાલ' બનાવી છે. ઈરાનમાં ૩૦૦% મોંઘવારી અને ઈઝને પગાર ચૂકવવાના ફાંફા છે. યમનના જહાજ પર હુથીઓના હુમલામાં ૬ લોકોના મોત થયા છે. હોર્મુઝમાંથી માત્ર ૮ જહાજ પસાર થયા, જે પહેલાં ૧૩૦-૧૪૦ હતા.અમેરિકાએ હોર્મુઝમાં ૨૦ જહાજ ખડક્યા બાદ ટ્રમ્પે કરેલો ચોંકાવનારો દાવોઈરાનમાં ૩૦૦ ટકા મોંઘવારી, સામાન્ય લોકોનું જીવન દોહ્યલું બન્યું, આઈઆરજીસીને પગાર ચૂકવવાના ફાંફાહુથીઓએ યમનના જહાજ પર હુમલા કરતાં ચાર ક્રૂ મેમ્બરો અને બીજા બે સહિત કુલ છનાં મોત નીપજ્યાદુબઈ : અમેરિકન પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું હતું કે અલ્લાહનો આભાર છે કે અમે ૨૦ યુદ્ધજહાજોની મદદથી હોર્મુઝમાં સ્ટીલની દીવાલ ઊભી કરવામાં સફળ રહ્યા છીએ. ઈરાન ભલે હુમલા કર પરંતુ હોર્મુઝમાં અમારું નિયંત્રણ છે. ઈરાનની ઘેરાબંધી અમે જારી રાખવાના છીએ. ઈરાનમાં ૩૦૦ ટકા મોંઘવારી છે, આઈઆરજીસીને પગાર ચૂકવવાના ફાંફા છે. તેમની પાસે નેવી નથી અને એરફોર્સ પણ નથી.

તેમણે ઉમેર્યુ હતું કે આઈઆરજીસી સંપૂર્ણપણે બરબાદ થઈ ચૂકી છે. તેમની લીડરશિપની સ્થિતિ પણ અનિશ્ચિત છે. ઈરાનની પાસે રૂપિયા નથી. તેમનો દેશ બરબાદ થઈ ચૂક્યો છે. તેમની પાસે ફક્ત ફેક ન્યૂઝ અને ૩૦૦ ટકા મોંઘવારી છે. તેની સ્થિતિ હજી પણ વધુ ખરાબ થવાની છે. ઈરાન ફક્ત વાતો કરે છે, કોઈ કામ કરતું નથી. હવે તે મિડલ ઈસ્ટની સત્તા નથી, અલ્લાહ કા શુક્ર હૈ.હોર્મુઝની ખાડીમાંથી જહાજોનું આવાગમન હજી પણ મર્યાદિત છે. હોર્મુઝમાંથી જ્યાં એક સમયે ૧૩૦થી ૧૪૦ જહાજ ગુજરતા હતા ત્યાં ૧૨મી ઓગસ્ટના રોજ ફક્ત આઠ જહાજ જ પસાર થઈ શક્યા હતા.હોર્મુઝમાં ઈરાનના બંદરોની અમેરિકાની ઘેરાબંધી હજી પણ જારી છે. અમેરિકાનું કહેવું છે કે તેનું અભિયાન ઈરાનના બંદરો પર આવતા જતાં જહાજોને રોકવા માટે છે. હોર્મુઝ પરના દાવાનો પુરાવો આપતા હોય તેમ અમેરિકન નેવીએ ઈરાન જતાં પનામા કાર્ગો ફ્લેગવાળા જહાજ એમવી વેલા નોવા પર મિસાઈલ છોડી હતી.બીજી બાજુ ઈરાનનું કહેવું છે કે હોર્મુઝ ત્યાં સુધી નહીં ખૂલે જ્યાં સુધી અમેરિકા તેની શરતો માનતું નથી. આ દરમિયાન યેમેની સત્તાવાળાઓએ જણાવ્યું છે કે ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ બાબ અલ-મંડેબ સ્ટ્રેઈટમાં જતાં જહાજ પર હુમલો કરતાં છનાં મોત થયા છે. યેમેનના કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે મૃત્યુ પામેલાઓમાં ચાર ક્રૂ મેમ્બર અને બે સરકાર સાથે જોડાયેલા નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સના સભ્યનો સમાવેશ થાય છે.હુથીઓએ યમનના કોમર્સિયલ જહાજ પર ત્રણ મિસાઈલ છોડયા હતા, એમ યેમેની મંત્રાલયની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકારે જણાવ્યું હતું. આમ હુથી હુમલામાં પહેલી વખત આરબ દેશોમાં કોઈના મૃત્યુના સમાચાર સામે આવ્યા છે.તેલઅવીવ : અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ફરી એક વખત તણાવ વધી ગયો છે. ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ ગાઝા પ્લાન-ટુને લઈને આમને-સામને છે. નેતન્યાહુએ સ્પષ્ટ જણાવી દીધું છે કે હમાસનો સંપૂર્ણ ખાત્મો ન થાય ત્યાં સુધી ગાઝામાં હુમલા જારી રહેશે. આ મામલો તેવા સમયે આવ્યો છે જ્યારે ગાઝામાં યુદ્ધ રોકવા અને હમાસ શસ્ત્રો હેઠા મૂકશે તેવી વાતચીત અમેરિકાની પહેલ પર ચાલી રહી છે.ટ્રમ્પે છેલ્લા ૧૫ મહિના માટે ગાઝા માટે ૧૫ સૂત્રીય યોજના તૈયાર કરી હોવાનો દાવો કર્યો હતો. આ યોજનામાં ઈઝરાયેલના લશ્કરના પરત ફરવાની અને હમાસના શસ્ત્રો સોંપવાની વાત કહેવામાં આવી છે. નેતન્યાહુએ આ યોજનાને સંપૂર્ણપણે ફગાવી દીધી છે અને હમાસના સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ પર ભાર મૂક્યો છે. જ્યારે બોર્ડ ઓફ પીસ સાથે જોડાયેલા અધિકારીનું કહેવું છે કે હાલમાં વાતચીત ચાલુ છે. આ દરમિયાન ઈઝરાયેલે યુએનમાં બ્રિટને વેસ્ટ બેન્ક અને ગાઝામાં કરેલા નરસંહારની ટીકા કરી તે બદલ તેની ઝાટકણી કાઢી છે. ઈઝરાયેલના યુએન પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ ઈઝરાયેલીઓ અને પેલેસ્ટાઈનીઓ બંને સાથેના હિંસક કૃત્યોને વખોડે છે. ઈઝરાયેલ કોઈપણ પ્રકારનો આતંકવાદ સહન નહીં કરે.

## ભારતીય મૂળના યુવકે માતા-ભાઈની હત્યા કરી, ચેટજીપીટી પર પરિવારને ખતમ કરવાની શોધી હતી રીત




અમેરિકાના મેસેચ્યુસેટ્સમાં એક અત્યંત ચોંકાવનારી અને દર્દનાક ઘટના સામે આવી છે. એક્ટન શહેરમાં રહેતા ૧૭ વર્ષીય ભારતીય મૂળના અર્જુન અરવિંદ પર પોતાની જ ૪૫ વર્ષીય માતા સુધા વેંકટેશન અને ૧૪ વર્ષીય નાના ભાઈ સિદ્ધાર્થ અરવિંદની હત્યા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. રાતભર ચાલેલી શોધખોળ બાદ પોલીસે બુધવારે (૧૨મી ઓગસ્ટ) સવારે આરોપીની ધરપકડ કરી લીધી છે.અમેરિકાની પોલીસના જણાવ્યાનુસાર, મંગળવારે સાંજે એક ટ્યુટર (શિક્ષક) અભ્યાસ કરાવવા માટે પરિવારના ઘરે પહોંચ્યા હતા. ઘર બંધ હોવાથી અને કોઈ જવાબ ન મળતા તેમણે અર્જુનના પિતાનો સંપર્ક કર્યો હતો. પિતાએ પણ પરિવાર સાથે સંપર્ક કરવાની કોશિશ કરી પરંતુ કોઈ સંપર્ક ન થતાં આખરે એક્ટન પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો.પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે ભોંયરામાંથી માતા સુધા વેંકટેશન અને પ્રથમ માળેથી ૧૪ વર્ષીય સિદ્ધાર્થનો મૃતદેહ મળી આવ્યો હતો. બંનેના શરીર પર ગંભીર ઈજાના નિશાન હતા. હત્યા કર્યા બાદ આરોપી અર્જુન પોતાની માતાની કાર લઈને ફરાર થઈ ગયો હતોતપાસ દરમિયાન સામે આવેલી વિગતો વધુ ચોંકાવનારી છે. મિડલસેક્સ કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટર્નીની ઓફિસના જણાવ્યાનુસાર, આરોપી અર્જુન છેલ્લા કેટલાક સમયથી ચિંતાજનક વર્તન કરી રહ્યો હતો. તે ઈન્ટરનેટ અને એઆઈ પર પોતાના જ પરિવારને મારી નાખવાની કાલ્પનિક રીતો અને વિચારો શોધી રહ્યો હતો.હાલ પોલીસે આરોપી કિશોરને કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથ ધરી છે. હત્યામાં કયા હથિયારનો ઉપયોગ થયો હતો અને મૃત્યુનું ચોક્કસ કારણ શું છે તે અંગે મેડિકલ તપાસકર્તાઓનો રિપોર્ટ આવ્યા બાદ વધુ ખુલાસો થશે.

## અમેરિકામાં આર્મીનું અપાચે હેલિકોપ્ટર ક્રેશ, ખેતરમાં ખાબકતા બંને પાયલટના મોત



અમેરિકાના ટેક્સાસ સ્થિત ફોર્ટ હૂડ નજીક ઓપરેશન દરમિયાનેંજી આર્મીનું છઊઁ-૬૪ અપાચે હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ દુર્ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર ૨ પાયલટોના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા છે. ખેતરમાં ક્રેશ થતા જ ભીષણ આગ લાગી હતી, જેથી આસપાસના ઘરો ખાલી કરાવવામાં આવ્યા. અકસ્માતનું કારણ અસ્પષ્ટ છે અને તપાસ ચાલી રહી છે. અમેરિકાના ટેક્સાસ સ્થિત ફોર્ટ હૂડ (ભ્ર્ઉઁદ્બ) નજીક ઓપરેશન દરમિયાન યુએસ આર્મીનું અત્યાધુનિક છઊઁ-૬૪ અપાચે (છઊઁ-૬૪ છઁક્ષ્ઠરી) એટેક હેલિકોપ્ટર અચાનક એક ખેતરમાં કડાકાભેર ક્રેશ થઈ ગયું છે. આ ગોઝારા અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર બંને પાયલટોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. દુર્ઘટના એટલી ભયાનક હતી કે હેલિકોપ્ટર જમીન પર પટકાતા જ ખેતરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે સુરક્ષાના ભાગરૂપે આસપાસના અનેક ઘરોને ખાલી કરાવવાની નોબત આવી હતી.બંને પાયલટના મોત, આસપાસના વિસ્તારો ખાલી કરાવાયાબેલ કાઉન્ટી શેરિફ ઓફિસના પ્રવક્તા ક્લિફ કોલમેને હેલિકોપ્ટરમાં સવાર બંને પાયલટોના મોતની સત્તાવાર પુષ્ટિ કરી છે. જોકે, હજુ સુધી બંને મૃતક પાયલટોની ઓળખ જાહેર કરવામાં આવી નથી. અધિકારીઓના જણાવ્યા મુજબ, ક્રેશ થયા બાદ હેલિકોપ્ટરનો મલબો દૂર દૂર સુધી વિખેરાઈ ગયો હતો. સદનસીબે હેલિકોપ્ટર નીચે ખાબકતી વખતે કોઈ મકાન કે અન્ય ઈમારત સાથે અથડાયું નહોતું. આગ પર કાબૂ મેળવવા ફાયર બ્રિગેડની ટીમોએ ભારે જહેમત ઉઠાવવી પડી હતી.અકસ્માતનું કારણ અસ્પષ્ટ, ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિવિઝન દ્વારા તપાસ શરૂઅપાચે હેલિકોપ્ટર ઓપરેશન દરમિયાન અચાનક કેમ નીચે ખાબક્યું તેનું સાચું કારણ હજુ સામે આવ્યું નથી. ફોર્ટ હૂડની 'ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિવિઝન' દ્વારા આ સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસ હાથ ધરવામાં આવી છે. ફોર્ટ હૂડના કાર્યવાહક કમાન્ડિંગ જનરલ બ્રિગેડિયર જનરલ એથન ડિવેન અને ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે આ દુર્ઘટના પર ઊંડા શોકની સંવેદના વ્યક્ત કરી છે.છઊઁ-૬૪ અપાચે એ યુએસ આર્મીનું એક શક્તિશાળી ટ્વિન-એન્જિન એટેક હેલિકોપ્ટર છે. તેને મુખ્યત્ત્વે દુશ્મનોના જમીની ઠેકાણાઓ અને બખ્તરબંધ વાહનો (ટેન્કો) પર હુમલો કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ હેલિકોપ્ટર રોકેટ, મિસાઈલો અને ૩૦દ્બદ્બ ઓટોમેટિક કેનનથી સજ્જ હોય છે. યુએસ આર્મી દ્વારા વિશ્વભરમાં પોતાના વિવિધ સૈન્ય અભિયાનો અને યુદ્ધોમાં આ હેલિકોપ્ટરનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે છે.

## હોર્મુઝમાં ફસાયેલા ૧,૫૦૦ જહાજો 'રોગચાળા'ના સુપર સ્પ્રેડર બને તેવો વૈજ્ઞાનિકોને ડર



દુબઈથી વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે હોર્મુઝની ખાડીમાં લાંબા સમયથી ઉભેલા ૧,૫૦૦ જહાજો 'સુપર સ્પ્રેડર' બની શકે છે. આ જહાજોના તળિયે ચોંટેલા સમુદ્રી જીવો, શેવાળ, પરજીવીઓ અને સૂક્ષ્મજંતુઓ ખાડી ખુલતા અન્ય બંદરોએ પહોંચી, હજારો કિ.મી. દૂર સુધી નવા જીવાણુ ફેલાવી શકે છે. આથી, જહાજોની સફાઈ અનિવાર્ય છે.જહાજો જે બંદરોએ જશે ત્યાં નવા જીવાણુ પણ લઈ જશેજહાજો લાંબા સમયથી ઊભા રહેવાના લીધે સમુદ્રી જીવ, શેવાળ, પરજીવી, સૂક્ષ્મ જંતુઓ ચોંટવાની ભીતિજહાજોને હોર્મુઝમાંથી બહાર કાઢવાની સાથે-સાથે તે આગળ વધે તે પહેલાં તેમની સફાઈ કરવી પણ જરૂરીદુબઈ : હોર્મુઝની ખાડી લાંબા સમયથી બંધ રહેવાના કારણે તેની અસર ફક્ત ક્રૂડ ઓઈલ, ગેસ અને વૈશ્વિક વેપારસુધી જ મર્યાદિત નથી. ફારસની ખાડીમાં લાંબા સમયથી રોકાયેલા જહાજો એવા ભયને જન્મ આપી શકે છે જેની અસર હજારો કિ.મી. દૂર સુધી પહોંચવાનો ડર સતાવી રહ્યો છે. વૈજ્ઞાનિકોની ચેતવણી છે કે ફારસની ખાડીમાં લાંબા સમયથી ઊભેલા ૧,૫૦૦ જહાજ સુપર સ્પ્રેડર બની શકે છે.વાસ્તવમાં આ જહાજ લાંબા સમય સુધી એક જ જગ્યો ઊભેલા હોય છે. તેના કારણે તેના નીચેના હિસ્સામાં સમુદ્રી જીવ, શેવાળ, પરજીવી અને બીજા સૂક્ષ્મજીવી જંતુઓ ચોંટવા લાગે છે. તેને બાયોફાઉલિંગ કહેવાય છે. અહી ડર એ છે કે હોર્મુઝની ખાડી ખૂલ્યા પછી હવે આ જહાજ જુદાં-જુદાં બંદરો તરફ રવાના થશે. તેની સાથે આ જીવ પણ હજારો કિ.મી. દૂર પહોંચી શકે છે.સમુદ્રમાં રહેતા મોટાભાગના જીવ પોતાની સ્થાનિક પરિસ્થિતિના તંત્રનો હિસ્સો હોય છે. પરંતુ જો કોઈ બહારની પ્રજાતિ કોઈ નવા સમુદ્ર વિસ્તારમાં પહોંચે છે તો તે તેની પ્રાકૃતિક દુશ્મન ન હોવાના લીધે ઝડપથી ફેલાઈ શકે છે. તેનાથી સ્થાનિક માછલીઓ, દરિયાઈ છોડ અને બીજા જીવો માટે ભય સર્જાઈ શકે છે.આ અસર ફક્ત સમુદ્ર સુધી સીમિત નહીં રહે. મત્સ્યપાલન, જળકૃષિ, તટીય ઉદ્યોગ અને તેની સાથે જોડાયેલીઈકોનોમી તેની ઝપેટમાં આવી શકે છે. આ જ કારણે વૈજ્ઞાાનિકો લાંબા સમયથી ખાડીમાં ઉભેલા જહાજોને સુપર સ્પ્રેડર બને તેવો ડર સેવી રહ્યા છે.ફારસની ખાડીના સમુદ્રનું ગરમ વાતાવરણ બાયોફાઉલિંગ માટે અનુકૂળ મનાય છે. આમ જેટલો લાંબો સમય વધુ જહાજ અહીં રહેશે તેટલો વધો સમય વનસ્પતિઓ જમા થવાની સંભાવના વધશે.ફારસની ખાડીમાં પહેલેથી જ ૫૦ જેટલી પ્રજાતિ હાજર હોવાનું મનાય છે. આવામા લાંબા સમય સુધી રોકાયેલા જહાજ વિશ્વના બીજા હિસ્સામાં જશે. તેની સાથે નવા સમુદ્રી જીવ પહોંચવાનું જોખમ વધી જાય છે. આમ કોઈ એક જહાજના લાંબા સમય સુધી એક જ સ્થળે ઊભા રહેવું તે જહાજ માટે મોટો ખતરો મનાય છે.નિષ્ણાતોનું કહેવું છે કે હોર્મુઝમાંથી નીકળનારા

## અરુણાચલ સરહદે ચીનની જોહુકમી, ભારતીય જવાનોનું પેટ્રોલિંગ અટકાવ્યું

અરુણાચલ પ્રદેશની ઁ છ કમિટીના રિપોર્ટ મુજબ, ચીનની સેનાએ ભારતના શેરા-૫ પોઈન્ટ અને નંગા પહાડ વિસ્તાર પર કબ્જો કર્યો છે. જોકે, ભારતીય સેનાએ આ દાવાને ફગાવી દીધો છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આગામી મહિને મ્ૈંઝ્રજી સમિટ માટે ભારત આવે તે પહેલાં આ વિવાદ ઉભો થયો છે. ભારતે ચીનના આ દાવાને અફવા ગણાવી સરહદ પર શાંતિ હોવાનું જણાવ્યું છે.ચીનનું આક્રમક વલણ, પણ બંને દેશના સરહદ પર સબ સલામતીના દાવાભારતના શેરા-૫ પોઈન્ટ અને નંગા પહાડ વિસ્તાર ચીનના સૈન્યએ કબ્જે કર્યાના પીપીએના ચોંકાવનારા અહેવાલથી હોબાળોઆગામી મહિને ભારતમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા જિનપિંગ આવે તે પૂર્વે જ ચીનનો અટકચાળોબૈજિંગ-નવી દિલ્હી : અરુણાચલ પ્રદેશની પીપલ્સ પાર્ટી (પીપીએ)ની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટી (એફએફસી)એ રિપોર્ટ આપ્યો છે કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના સૈનિકોએ ભારતીય લશ્કરને સુબનસિરી જિલ્લાના તાક્સિંગ વિસ્તારમાં પેટ્રોલિંગના મહત્ત્વના પોઈન્ટ સુધી જતા રોકી દીધા છે. જ્યારે ચીનના સૈનિક વાસ્તવિક અંકુશ રેખા પાસે પરંપરાગત ભારતીય ચરામણ એરિયા અને શિકારના વિસ્તારોમાં ધીમે-ધીમે પોતાનો કબ્જો વધારી રહ્યા છે. પૂર્વ મંત્રી અને પીપીએના મુખ્ય સલાહકાર કાહફા બેંગિયાની આગેવાની હેઠળ ચાર સભ્યોની સમિતિએ ૧૦મી જુલાઈના રોજ ટાક્સિંગનો પ્રવાસ ખેડયો હતો.પીપીએના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે શેરા-૫ જેવા મુખ્ય પોઈન્ટ પર ૨૦૨૩માં અથડામણ પછી ભારતીયદળ પાછા હટયા છે અને ચીનના લશ્કરે પારંપરિક રસ્તાઓ પર કબ્જો જમાવ્યો છે. સ્થાનિક નાહ અને મારા સમુદાયના શિકાર તેમજ ઢોર ચરાવવાના પરંપરાગત વિસ્તારો પર ચીનના લશ્કરે નિયંત્રણ મેળવ્યું છે.ભારતે આ દાવાને ફગાવી દીધો છે અને તેને ફક્ત અફવા અને પબ્લિસિટી સ્ટન્ટ ગણાવ્યો છે.આ સિવાય ભારતીય લશ્કે પણ આ રિપોર્ટનું ખંડન કર્યુ છે. તેમા સૂત્રોએ જણાવ્યું છે કે સ્પષ્ટ સીમાંકન ન હોવાના લીધે ઘણી વખત બંને દેશોની પેટ્રોલિંગ ટીમો સામસામે આવી જાય છે. પછી આ વાતને વર્તમાન પદ્ધતિ અને નિયમો હેઠળ ઉકેલવામાં આવે છે. લશ્કરના ટોચના સૂત્રોએ આ દાવાઓને સંપૂર્ણપણે ફગાવી દેતા સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારતે પોતાની કોઈ જમીન ગુમાવી નથી. સરહદ પર આવેલી બધી ભારતીય ચોકીઓ સંપૂર્ણપણે ભારતના અંકુશમાં છે. ચીને પણ જણાવ્યું છે કે ભારત-ચીન સરહદે સંપૂર્ણ શાંતિ છે. તેમણે ચીન દ્વારા અરુણાચલ સરહદે લશ્કરી પ્રવૃત્તિમાં વધારો કરવામાં આવ્યો તેના અંગે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આ અંગેના સવાલોના જવાબમાં જણાવ્યું હતું કે બંને દેશની સરહદ હાલની તારીખે શાંત છે. બંને પક્ષ સરહદને લગતી કોઈપણ પ્રકારનો વિવાદ રાજદ્વારી અને લશ્કરી ચેનલો દ્વારા ઉકેલવા સંમત થયા છે. ગયા સપ્તાહે જ બંને દેશોની ૩૬મી બોર્ડર મીટિંગ મળી હતી.ભારતે મંગળવારે જણાવ્યું હતું કે ચીન સાથેની સરહદી.

## તંત્રી સ્થાનેથી..

# સરકાર આપે છે ૯૦૦૦૦ રૂપિયાની ગેરન્ટી ફ્રી લોન... ક્રેડિટ કાર્ડ પણ આપશે

નાના વેપારીઓ માટે કેન્દ્ર સરકારની ‘સ્વનિધિ યોજના‘ હેઠળ ?૯૦,૦૦૦ સુધીની ગેરંટી વિનાની લોન મળે છે. જૂન ૨૦૨૦માં શરૂ થયેલી આ યોજના ૩૧ માર્ચ, ૨૦૩૦ સુધી ચાલશે. અત્યાર સુધીમાં ૭૫.૫ લાખથી વધુ લાભાર્થીઓને ?૧૭,૮૦૦ કરોડથી વધુ લોન મંજૂર થઈ છે. ?૧૫,૦૦૦, ?૨૫,૦૦૦ અને ?૫૦,૦૦૦ એમ ત્રણ તબક્કામાં લોન મળે છે. ડિજિટલ કેશબેક અને ફ્રી ક્રેડિટ કાર્ડ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

જો તમે તમારો પોતાનો કોઈ નાનો બિઝનેસ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો કેન્દ્ર સરકારની એક ખાસ યોજના તમારા ખૂબ કામ આવી શકે છે. મોદી સરકાર દ્વારા ખાસ કરીને રેકડી-ફૂટપાથ કિનારે પાથરણું પાથરીને કે નાનો સ્ટોલ લગાવીને સામાન વેચતા અને નાના વેપારીઓ માટે શરૂ કરવામાં આવેલી ‘પીએમ સ્વાનીધિ યોજના‘ હેઠળ કોઈ પણ ગેરંટી વિના ૯૦,૦૦૦ રૂપિયા સુધીની આર્થિક મદદ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, સરકાર તરફથી અનેક ફાયદાઓ સાથે ફ્રી ક્રેડિટ કાર્ડ પણ આપવામાં આવે છે.

કોરોના રોગચાળા દરમિયાન રોજગાર ગુમાવનારા નાના વેપારીઓને મદદ કરવાના હેતુથી જૂન ૨૦૨૦માં આ યોજના શરૂ કરવામાં આવી હતી, જે હવે ૩૧ માર્ચ ૨૦૩૦ સુધી કાર્યરત રહેશે. સરકારી આંકડા અનુસાર, અત્યાર સુધીમાં ૭૫.૫ લાખથી વધુ લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાયા છે અને ?૧૭,૮૦૦ કરોડથી વધુ રકમના ૧.૧૨ કરોડથી વધુ લોન મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં ૫૫ લાખથી વધુ લાભાર્થીઓ ડિજિટલ રીતે જોડાયેલા છે. આ યોજનામાં ડિજિટલ કેશબેક અને વ્યાજ સબસિડી દ્વારા લાભાર્થીઓને આશરે ?૮૦૦ કરોડનો સીધો ફાયદો થયો છે. આ યોજનાના કુલ લાભાર્થીઓમાં ૪૦ ટકા મહિલાઓ છે.

# ઈરાની હત્યાના ભયને કારણે તુર્કીમાં વિમાનો બદલવાની વાત યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પે સ્વીકારી: ’હું ગુપ્ત સેવાની સલાહ પ્રમાણે પ્રવાસ કરું છું’

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પુષ્ટિ આપી છે કે સુરક્ષા ચેતવણી મળ્યા બાદ તેમણે તુર્કીમાં તાજેતરમાં યોજાયેલી શિખર સમ્મેલન દરમિયાન એરફોર્સ વનથી બીજા વિમાનમાં સ્વિચ કર્યું હતું. ટ્રમ્પે કહ્યું કે જ્યારે સુરક્ષા સંબંધિત નિર્ણયોની વાત આવે છે ત્યારે તેઓ ગુપ્ત સેવા અને સૈન્યની સલાહનું પાલન કરે છે.

મંગળવારે પત્રકારો સાથે વાત કરતા, ટ્રમ્પે કહ્યું કે તેમણે તેમની સુરક્ષા ટીમ અને લશ્કરી અધિકારીઓની સલાહ અને ભલામણોનું પાલન કર્યું, જેમણે તેમને બંને વિમાનો સમાન સ્તરની સુરક્ષા પ્રદાન કરે છે છતાં બીજા વિમાનનો ઉપયોગ કરવાનું કહ્યું.

×તે ફક્ત ગુપ્ત સેવા પર નિર્ભર છે. હું ફક્ત તેઓ શું કરવા માંગે છે તેનું પાલન કરું છું. હું ગુપ્ત સેવા અને સૈન્ય દ્વારા જ જાઉં છું,× ટ્રમ્પે કહ્યું. ×તેઓ ઈચ્છતા હતા કે હું એક અલગ ફલાઈટ, એક અલગ વિમાન, સમાન સલામતી પર જાઉં, પરંતુ તેઓ ઈચ્છતા હતા કે હું તે કરું, તેથી મેં તે કર્યું,× તેમણે ઉમેર્યું.ટ્રમ્પે ઉમેર્યું કે તેમનું માનવું છે કે તેમની સામે ધમકી હતી, તેમણે કહ્યું, ×મને ઘણી ધમકીઓ મળે છે.×

ટ્રમ્પે તુર્કીમાં ધમકી કેવી રીતે ટાળી

ધ વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, બ્રિટન જતા પહેલા અમેરિકન રાષ્ટ્રપતિને ગુપ્ત રીતે જૂના બોઈંગ ૭૪૭-૮ એરફોર્સ વન વિમાનમાંથી નાના ઝ-૩૨છ જેટમાં ખસેડવામાં આવ્યા હતા. એક અનામી અમેરિકન અધિકારીને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પને ગુપ્ત રીતે એક કેટરિંગ કન્ટેનરમાં ખસેડવામાં આવ્યા હતા જે મોટા વિમાનમાંથી નાના જેટમાં ખસેડવામાં આવ્યું હતું.

અહેવાલ મુજબની કામગીરી ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. પત્રકારો અને કેટલાક અધિકારીઓને એવું માનવામાં આવ્યું હતું કે ટ્રમ્પ મોટા બોઈંગ ૭૪૭ માં જ રહ્યા. અહેવાલ મુજબ, અંકારાથી વિમાનમાં મુસાફરી કરી રહેલા પત્રકારોને પણ તેમના બારીના પડદા બંધ રાખવાની સૂચના આપવામાં આવી હતી.

ટ્રમ્પ નાટો સમિટમાં હાજરી આપવા માટે અંકારા ગયા હતા. તે સમયે, તેમણે કહ્યું હતું કે તેઓ બ્રિટિશ એરબેઝ પર યુએસ લશ્કરી કર્મચારીઓને કતાર દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સને ભેટમાં આપવામાં આવેલા નવા વિમાનની મુલાકાત લેવા માટે પરવાનગી આપવા માટે જૂના બોઈંગ ૭૪૭ નો ઉપયોગ કરશે.

ટ્રમ્પે વિમાનો બદલ્યા તે ક્ષણનો વિડિઓ બતાવે છે

ઘણા યુએસ મીડિયા આઉટલેટ્સે અહેવાલ આપ્યો છે કે વિમાન સ્વિચ ઈરાની પ્રોક્સી દળોના કથિત ધમકીને કારણે કરવામાં આવ્યું હતું.

વોશિંગ્ટન પોસ્ટે ટ્રમ્પના બોઈંગ વિમાનમાં ચઢ્યા પછી તરત જ જૂના બોઈંગ વિમાનમાંથી કેટરિંગ ટ્રક ઉતારી રહી હોવાનું દર્શાવતો વિડીયો ફૂટેજ પણ પ્રકાશિત કર્યો હતો. પાછળથી વાહન નાના ઝ-૩૨છ વિમાનની નજીક પહોંચતું જોવા મળ્યું હતું, જે રાષ્ટ્રપતિને સ્થાનાંતરિત કરવાના ઓપરેશનના ભાગ રૂપે હતું.

ટ્રમ્પને યુનાઈટેડ કિંગડમમાં ઉતરાણ કર્યા પછી મોટા વિમાનમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા, જ્યાં બંને વિમાનો આવ્યા હતા. ત્યારબાદ તેમને કતાર દ્વારા ભેટમાં આપવામાં આવેલા રેટ્રોફિટેડ એર ફોર્સ વનમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા. જોકે, ટ્રમ્પ ક્યારે અને કેવી રીતે ઝ-૩૨છ થી મોટા વિમાનમાં પાછા ફર્યા તે હજુ સ્પષ્ટ નથી.

# વિપક્ષના વિરોધ વચ્ચે લોકસભામાં ખાણ અને ખનિજ સુધારા બિલ પસાર થયું

નવી દિલ્હી,

બુધવારે લોકસભામાં ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) સુધારા બિલ ૨૦૨૬ ચર્ચા વિના પસાર થઈ ગયું.

બિલ રજૂ થતાં જ વિપક્ષના સાંસદોએ ગૃહના વેલમાં વિરોધ ચાલુ રાખ્યો.

અધ્યક્ષ સ્થાને રહેલા જગદંબિકા પાલે વિપક્ષને ગૃહની શિષ્ટાચાર જાળવવાની સલાહ આપીને કાર્યવાહી શરૂ કરી; જોકે, હોબાળો ઓછો થયો નહીં. ત્યારબાદ, ગૃહને દિવસભર માટે મુલતવી રાખવામાં આવ્યું.

વિપક્ષ વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ, ૨૦૨૬ ને સંપૂર્ણપણે પાછું ખેંચવાની માંગ કરી રહ્યું હતું. પાલે જણાવ્યું હતું કે જો કોઈ બિલ સંયુક્ત સંસદીય સમિતિ (ત્નઁઝ) ને મોકલવામાં આવે છે, તો તે ×વિપક્ષ માટે સ્કોર× છે.

આ અગાઉ, કેન્દ્ર સરકારના વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ, ૨૦૨૬ ને ત્નઁઝ માં મોકલવાના ઠરાવને બુધવારે વિપક્ષના સભ્યો દ્વારા ભારે હોબાળા વચ્ચે લોકસભા દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

ત્નઁઝમાં લોકસભાના ૨૧ સાંસદો અને રાજ્યસભાના ૧૦ સભ્યો હશે. સમિતિ શિયાળુ સત્ર ૨૦૨૬ ના પહેલા અઠવાડિયાના છેલ્લા દિવસ સુધીમાં આ ગૃહને રિપોર્ટ સુપરત કરશે.

આ દરમિયાન, અધ્યક્ષે વિપક્ષના સાંસદોને તેમની બેઠકો પર પાછા જવા અને દ્નઈઈ્ વિદ્યાર્થીઓના વિરોધ મુદ્દા પર ચર્ચા કરવાનું સૂચન પણ કર્યું.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સ્પીકર ઓમ બિરલાને લખેલા તાજેતરના પત્રનો ઉલ્લેખ કરતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું: ×અમે તૈયાર છીએ અને ગૃહના ૮૦ ટકા સભ્યો પણ વિદ્યાર્થીઓના વિરોધ પર તાત્કાલિક ચર્ચા શરૂ કરવા માટે તૈયાર છે.

# આનંદ નિકેતન સ્કૂલમાં વિવાદ અંગે કન્સલ્ટન્ટ સહિત ૪ની હકાલપટ્ટી, મલાલાનું પુસ્તક હટાવાયું, રોજ પ્રાર્થના ફરજિયાત, ૧૦ હજારનો કરાયો દંડ

અમદાવાદની આનંદ નિકેતન સ્કૂલમાં નાસ્તામાંથી કાચ અને મલાલાના પુસ્તક વિવાદ બાદ ઢ્ઢઈએ કાર્યવાહી કરી છે. શાળાએ ૨ સુપરવાઇઝર, કેન્ટીન ઇન્ચાર્જ અને એજ્યુકેશન કન્સલ્ટન્ટને છૂટા કર્યા છે. વિવાદિત પુસ્તક પરત ખેંચી નિયમિત પ્રાર્થના શરૂ કરાઈ છે. ઈ્ઈ રૂલ્સ-૨૦૧૨ મુજબ શાળાને ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે. ફૂડ સેફ્ટી મંજૂરી વિના કેન્ટીન ચાલુ નહીં થાય અને વૈકલ્પિક વ્યવસ્થા ન સ્વીકારનાર વાલીઓને ફી પરત મળશે.અમદાવાદના શીલજ સ્થિત આનંદ નિકેતન સ્કૂલમાં વિદ્યાર્થીના નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળવાની ઘટના અને મલાલા યુસુફના પુસ્તક મામલે વાલીઓ તથા હિન્દુ સંગઠનના હોબાળા બાદ ઢ્ઢઈ રોહિત ચૌધરીએ બે નોટિસ આપી હતી. જે બાદ આજે શાળાનો એક્શન ટેકન રિપોર્ટ રજૂ કર્યો છે. આ બે બેદરકારી બદલ શાળાએ જવાબદાર એજ્યુકેશન કન્સલ્ટન્ટ, બે સુપરવાઇઝરો અને કેન્ટીન ઇન્ચાર્જને તાત્કાલિક નોકરીમાંથી છૂટા કર્યા છે તેમજ વિવાદિત પુસ્તક પરત ખેંચી નિયમિત પ્રાર્થના શરૂ કરાવી છે. શિક્ષણ તંત્રએ બાળકોની સુરક્ષા અને સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાધાન્ય આપતા ઈ્ઈ રૂલ્સ-૨૦૧૨ મુજબ શાળાને ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે અને ફૂડ સેફ્ટી વિભાગની મંજૂરી વિના કેન્ટીન ચાલુ ન કરવા તેમજ વૈકલ્પિક વ્યવસ્થા ન સ્વીકારનાર વાલીઓને કેન્ટીનની ફી પરત કરવાનો કડક આદેશ આપ્યો છે.આ અંગે ઢ્ઢઈ રોહિત ચૌધરીએ જણાવ્યું કે, આનંદ નિકેતન શિલજ કેમ્પસમાં બનેલી બે ઘટનાઓને લઈને શાળાને બે નોટીસ આપી તેમની પાસેથી લેખિત ખુલાસો માંગ્યો હતો. શિક્ષણ તંત્રએ આ ગંભીર બેદરકારીને ધ્યાને લઈ ત્યાં તપાસ ટીમ મોકલી અને પ્રાથમિક અહેવાલ પણ મંગાવ્યો હતો. આ અહેવાલમાં સ્પષ્ટ થયું કે એક વિદ્યાર્થીના નાસ્તામાં કાચ કે પ્લાસ્ટિકનો ટુકડો હોવાની જે ફરિયાદ હતી, તે ભલે રૂબરૂ ન મળ્યો હોય પરંતુ ફોટો સ્વરૂપે મળ્યો હતો અને નિવેદનોમાં પણ તે સ્પષ્ટ થતાં શાળાએ પણ આ વાતનો સ્વીકાર કર્યો છે. બીજી ઘટનામાં યુસુફ મલાલાના પુસ્તકના કારણે વાલીઓ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રજૂઆત કરી ખૂબ હોબાળો મચાવવામાં આવ્યો હતો. આ બાબતોને ધ્યાને લઈ અમે શાળા સામે તાત્કાલિક એક્શન લેવા જણાવતાં, શાળા દ્વારા એજ્યુકેશન કન્સલ્ટન્ટ કે કરિક્યુલમ ડિઝાઈનર મુંજા સમ્સને તાત્કાલિક રિલીવ કરી દેવામાં આવ્યા છે અને તે દિવસે ડ્યુટી પર હાજર બંને સુપરવાઇઝરોને નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, જવાબદારો સામે કાર્યવાહી કરવાની સૂચના આપતાં તેમણે કેન્ટીન ઇન્ચાર્જને પણ હટાવ્યા છે, પ્રિન્સિપાલની રેગ્યુલર ખાલી પોસ્ટ ભરવાની તથા નવી કેન્ટીન એજન્સી માટેની કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે.તેમણે વધુમાં જણાવ્યું કે, પુસ્તકની બાબતમાં શાળાનો કોઈની ધાર્મિક લાગણી દુભાવવાનો ઈરાદો નહોતો છતાં તેમણે પુસ્તક પરત ખેંચી લીધું છે અને ભવિષ્યમાં આવું કોઈ દબાણ ન કરવાની તેમજ ધાર્મિક લાગણી ન દુભાય તેની ખાતરી આપી છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલયમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય પાત્રોના વૈકલ્પિક પુસ્તકો વાંચવા માટે ઉપલબ્ધ રખાશે તેવી પણ બાંહેધરી આપી છે. શાળામાં છેલ્લા એક મહિનાથી પ્રાર્થના થતી ન હોવાની વાલીઓની ફરિયાદ સામે હવે દરરોજ પ્રાર્થના થાય તે પ્રકારે શાળાએ આખા અઠવાડિયાનો કાર્યક્રમ સોંપ્યો છે. અમારી કચેરી દ્વારા સૂચવેલી તમામ બાબતોનું શાળાએ પાલન તો કર્યું છે, છતાં પણ આવી ગંભીર ભૂલો ભવિષ્યમાં ચલાવી ન શકાય. બાળકોની સુરક્ષા અને સ્વાસ્થ્ય શિક્ષણની સાથે ખૂબ અગત્યના હોવાથી, શિક્ષણતંત્ર આવી કોઈ બેદરકારી ચલાવી લેશે નહીં અને આથી જ અમે આરટી (ઈ્ઈ) રૂલ્સ ૨૦૧૨ પ્રમાણે શાળાની આ પ્રથમ ભૂલ હોવા છતાં તેમને રૂપિયા ૧૦,૦૦૦નો દંડ પણ ફટકાર્યો છે.તેમણે વધુમાં જણાવ્યું કે, કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે શાળાએ બે દિવસ પ્રાથમિક વિભાગનું શૈક્ષણિક કાર્ય બંધ રાખી ઓનલાઇન શિક્ષણ આપ્યું હતું, પરંતુ હવે પોલીસ સ્ટેશનમાં પ્રોટેક્શનની અરજી આપ્યા બાદ આવતીકાલથી શાળામાં ઓફલાઈન શિક્ષણ રાબેતા મુજબ શરૂ કરાશે. જ્યાં સુધી ફૂડ અને સેફ્ટી વિભાગ દ્વારા સંપૂર્ણ ક્લિયરન્સ ન મળે ત્યાં સુધી શાળાની કેન્ટીન રેગ્યુલર ચાલુ થઈ


# અમદાવાદ: પતિના ત્રાસથી કંટાળી ૧૭ વર્ષીય પરણિતાએ સાબરમતિમાં ઝંપલાવી આપઘાત કર્યો, આરોપી પતિ સામે ગુનો દાખલ




અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર પેટલાદની ૧૭ વર્ષીય સગીરાએ નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો. પ્રેમલગ્ન બાદ પતિ ફરદીન શેખના શારીરિક-માનસિક ત્રાસ અને ઘરમાંથી કાઢી મૂકવાના વર્તનથી કંટાળીને આ આત્યંતિક પગલું ભર્યું. પોલીસે ફરદીન શેખ વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છેઅમદાવાદ: પતિના ત્રાસથી કંટાળી ૧૭ વર્ષીય પરણિતાએ સાબરમતિમાં ઝંપલાવી આપઘાત કર્યો, આરોપી પતિ સામે ગુનો દાખલ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ (પૂર્વ) ખાતે પેટલાદની એક ૧૭ વર્ષીય સગીરાએ નદીમાં ઝંપલાવીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. પતિના સતત શારીરિક-માનસિક ત્રાસ અને ઘરમાંથી કાઢી મૂકવાના વર્તનથી કંટાળીને સગીરાએ આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.મળતી માહિતી મુજબ, મૃતક સગીરાએ ફરદીન શેખ નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ લગ્નના થોડા સમય બાદ જ પતિ ફરદીન શેખ દ્વારા તેને સતત શારીરિક અને માનસિક યાતનાઓ આપવામાં આવતી હતી. ત્રાસની હદ ત્યારે વટાવી ગઈ જ્યારે પતિએ તેણીને ઘરની બહાર કાઢી મૂકી હતી. સતત મળતા ત્રાસ અને ઘરબાર વિનાની થઈ ગયેલી સગીરાએ અત્યંત હતાશ થઈને સાબરમતી નદીમાં કૂદી પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી.ઘટના અંગે જાણ થતાં જ પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. સગીરાને આપઘાત કરવા મજબૂર કરવાના ગંભીર મામલે પોલીસે કડક કાર્યવાહી કરી છે. મૃતકના આરોપી પતિ ફરદીન શેખ સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આગળની વધુ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતીઓ માટે વિકેન્ડ્સમાં ખાસ મુલાકાત લેવા જેવા મેરિયોટના ૩ અનોખા રિસોર્ટ્સ

મેરિયોટ ઇન્ટરનેશનલ ગુજરાતમાં ‘સીરિઝ બાય મેરિયોટ‘ હેઠળ ૩ નવા રિસોર્ટ લાવ્યું છે. દમણમાં ‘ધી ફર્ન સીસાઇડ લક્ઝુરિયસ ટેન્ટ રિસોર્ટ‘, જાંબુઘોડામાં ‘ભાનુ ધ ફર્ન ફોરેસ્ટ રિસોર્ટ એન્ડ સ્પા‘ અને એકતા નગરમાં ‘ધી ફર્ન સરદાર સરોવર રિસોર્ટ‘નો સમાવેશ થાય છે. આ રિસોર્ટ્સ કુદરતી સૌંદર્ય, આરામદાયક રોકાણ અને સ્થાનિક અનુભવો પ્રદાન કરશે. મેરિયોટ બોન્વોય સભ્યોને વિશેષ લાભો મળશે. મુસાફરી હવે માત્ર તમે ક્યાં રહો છો તેના પૂરતી સીમિત નથી, પરંતુ તે વિશ્વસનીય હોસ્પિટાલિટી બ્રાન્ડના આરામ અને ખાતરીની સાથે અધિકૃત અનુભૂતિ કરાવતા સ્થળો શોધવા વિશે છે. ‘સીરિઝ બાય મેરિયોટ‘ પાછળનો આ જ આઈડિયા છે. મેરિયોટ ઈન્ટરનેશનલની આ નવી કલેક્શન બ્રાન્ડ સુસ્થાપિત પ્રાદેશિક હોટેલ્સને પણ સાથે લાવે છે, જે તેમને મહેમાનોને મેરિયોટની વૈશ્વિક સ્તરે સ્વીકૃત







ગુણવત્તા, સેવા અને વિશ્વસનીયતા પ્રદાન કરવાની સાથે તેમની વિશિષ્ટ ઓળખ જાળવી રાખવાની મંજૂરી આપે છે.પ્રત્યેક નિવાસ મેરિયોટ ઈન્ટરનેશનલના એવોર્ડ વિજેતા મુસાફરી કાર્યક્રમ - મેરિયોટ બોન્વોયના ફાયદાઓ સાથે આવે છે. તેમાં નોંધણી કરવાનું સરળ અને વિના મૂલ્યે છે, જે સભ્યોને એક્સક્લુસિવ દરનો ઍક્સેસ, વિના મૂલ્યે વાઇ-ફાઇ, અંતરાય મુક્ત ડિજિટલ સેવાઓ (જેમ કે ભાગીદાર હોટેલ્સમાં મોબાઈલ ચેક-ઇન), મેરિયોટ બોન્વોયના વૈશ્વિક પોર્ટફોલિયોમાં પોઇન્ટ્સ કમાવવાની અને રિડીમ કરવાની સક્ષમતા તેમજ પ્રત્યેક નિવાસ સાથે સમૃદ્ધ મુસાફરી અનુભવો માણવાની તક આપે છે.મુંબઈ, સુરત અને વાપીથી માર્ગ દ્વારા થોડા જ કલાકના અંતરે આવેલું દમણ પશ્ચિમી દરિયાકિનારાના અત્યંત સુલભ વિકેન્ડ સ્થળોમાંનું એક છે. તેના પોર્ટુગીઝ વારસા, ઐતિહાસિક કિલ્લા, સુંદર ચર્ચ અને આરામદાયક દરિયાકિનારા સાથે આ સ્થળ બેથી ત્રણ દિવસના વિરામ માટે એકદમ યોગ્ય છે.આઈકોનિક મોતી દમણ કિલ્લાની નજીક સ્થિત, ધી ફર્ન સીસાઇડ લક્ઝુરિયસ ટેન્ટ રિસોર્ટ દમણ, સીરિઝ બાય મેરિયોટ સામાન્ય કરતાં થોડું અલગ રોકાણ પ્રદાન કરે છે. અહીંના વિશાળ લક્ઝરી ટેન્ટ્સ આધુનિક આરામ સાથે આઉટડોર લિવિંગના આકર્ષણને જોડે છે, જે તેને યાદગાર રજાઓ ગાળવા માંગતા યુગલો, પરિવારો અને જૂથો માટે આદર્શ પસંદગી બનાવે છે. જવાબદાર દરિયાકાંઠાના પ્રવાસનની આસપાસ રચાયેલ આ રિસોર્ટ તેના ઇન-હાઉસ બોટલિંગ પ્લાન્ટ દ્વારા ટકાઉપણાને પણ પ્રોત્સાહન આપે છે, જે સિંગલ-યુઝ પ્લાસ્ટિક બોટલના ઉપયોગને દૂર કરે છે, વરસાદી પાણીનો સંગ્રહ અને ટ્રીટેડ પાણીનો પુન:ઉપયોગ કરે છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે મેળવેલા ઘટકો તેના ભોજનના અનુભવોમાં તાજગી અને પ્રાદેશિક સ્વાદ લાવે છે.મોતી દમણ કિલ્લાની શોધખોળ કરીને, બોમ જીસસ ચર્ચની મુલાકાત લઈને અથવા જમ્પોર બીચ પર આરામ કરીને રિસોર્ટ પર પાછા ફર્યા બાદ પૂલ પાસે આરામદાયક સાંજ, કાયાકલ્પ કરનાર સ્પા ટ્રીટમેન્ટ અથવા આરામપ્રદ ભોજન સાથે તમારા દિવસનો આનંદ માણો. તેના શાંતિપૂર્ણ વાતારણ અને દમણના શ્રેષ્ઠ આકર્ષણોની સરળ પહોંચ સાથે, તે એક ઉત્તમ દરિયાકાંઠાનું ગમન છે.વડોદરાથી બે કલાક કરતાં ઓછા સમયમાં પહોંચી શકાતું જાંબુઘોડા ગતિમાં તાજગીભર્યું પરિવર્તન આપે છે. જંગલો, ટેકરીઓ અને શાંત લેન્ડસ્કેપ્સથી ઘેરાયેલું આ છુપાયેલું રત્ન શહેરની ધમાલથી દૂર જઈ પ્રકૃતિ સાથે ફરી જોડાવા માંગતા પ્રવાસીઓ માટે યોગ્ય છેજાંબુઘોડા વન્યજીવન અભયારણ્યની ધાર પર સ્થિત, ભાનુ ધ ફર્ન ફોરેસ્ટ રિસોર્ટ એન્ડ સ્પા જાંબુઘોડા, સીરિઝ બાય મેરિયોટ ધીમી અને તરબોળ મુસાફરી માટે રચાયેલ છે. અહીં જંગલના રસ્તાઓ શોધવા, પક્ષી નિરીક્ષણ કરવા, નજીકના ધોધ શોધવા અથવા આસપાસની શાંતિમાં સમય વિતાવી શકાય છે. પાંચ હજારથી વધુ વૃક્ષો અને છોડનું ઘર આ રિસોર્ટ કિચન ગાર્ડન, સ્થાનિક ખેડૂતો સાથે શેર કરાયેલ ઇન-હાઉસ ઓર્ગેનિક ખાતર અને પ્લાન્ટ નર્સરી જેવી પહેલ દ્વારા તેના કુદરતી વાતાવરણનું પોષણ કરે છે, જ્યાંથી મહેમાનો સ્થાનિક છોડની પ્રજાતિઓ ઘરે લઈ જઈ શકે છે અને ગંતવ્ય સ્થાન સાથે એક ઊંડું જોડાણ અનુભવી શકે છેરિસોર્ટ પર પાછા ફર્યા બાદ મહેમાનો સ્પામાં આરામ કરી શકે છે, લીલીછમ હરિયાળી વચ્ચે તરવાનો આનંદ માણી શકે છે અને ગંતવ્ય સ્થાનથી પ્રેરિત આરામદાયક ભોજનનો અનુભવ માણી શકે છે. ભલે તમે રોમેન્ટિક વિકેન્ડનું આયોજન કરી રહ્યા હોવ કે શાંત કૌટુંબિક રિટ્રીટનું, જાંબુઘોડા રિચાર્જ થવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે.અમદાવાદ, વડોદરા અને સુરતથી રોડ અને રેલ માર્ગ દ્વારા સારી રીતે જોડાયેલું એકતા નગર ગુજરાતના સૌથી લોકપ્રિય નવરાશની પળો વિતાવવાના સ્થળોમાંનું એક બની ગયું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી‘નું ઘર હોવા ઉપરાંત, આ સ્થળ ફૂલોની ખીણ, સરદાર સરોવર ડેમ, ગ્લો ગાર્ડન, જંગલ સફારી અને મનોહર નદી કિનારાના અનુભવો જેવા અનેક આકર્ષણો પ્રદાન કરે છે.આ આકર્ષણોથી થોડી મિનિટો જ દૂર સ્થિત, ધી ફર્ન સરદાર સરોવર રિસોર્ટ એકતા નગર, સીરિઝ બાય મેરિયોટ મનોરંજક કૌટુંબિક રજાઓ માટે યોગ્ય સ્થાન છે. આખો દિવસ ફર્યા પછી મહેમાનો સ્વિમિંગ પૂલ પાસે આરામ કરી શકે છે, સ્પામાં તાજગી અનુભવી શકે છે, મનોરંજન સુવિધાઓનો આનંદ માણી શકે છે અથવા નર્મદા નદીના સુંદર નજારાઓ માણી શકે છે. રિસોર્ટની બહાર મહેમાનો સ્થાનિક કલા અને કારીગરીની શોધ કરતી વખતે પ્રકૃતિ-આધારિત અનુભવોમાં ડૂબી શકે છે. જવાબદાર પ્રવાસન પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ મિલકત સમુદાય જોડાણ અને સ્થાનિક કારીગરોને સક્રિયપણે ટેકો આપે છે.તમે દરિયાકિનારે આરામ કરવા માંગતા હોવ, પ્રકૃતિનો આનંદ માણવા માંગતા હોવ કે પછી સાહસથી ભરપૂર કૌટુંબિક રજાઓ માણવા માંગતા હોવ, ‘ધી ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ - સીરિઝ બાય મેરિયોટ‘ એવા રોકાણો ઓફર કરે છે જે દરેક સ્થળના અનન્ય પાત્રને ઉજવે છે અને સાથે સાથે મેરિયોટની વિશ્વસનીય આતિથ્ય સેવા પણ પ્રદાન કરે છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 173**
પ્રકાર- ગદ્ય.
શબ્દ સંખ્યા- ૩૧૮.
વિષય- 'સ્વાતંત્ર્ય નો અમર ઉત્સવ '
શીર્ષક: 'આત્માની આઝાદી અને રાષ્ટ્રધર્મનું ચિંતન, માત્ર તારીખ નહીં, ચેતનાનું પર્વ'

?સ્વાતંત્ર્ય દિન એ કોઈ કેલેન્ડરની એક તારીખ કે માત્ર રાષ્ટ્રીય તહેવાર નથી; તે આપણી અસ્મિતા, અસ્તિત્વ અને કરોડો દેશભક્તો નાં બલિદાનની અમર ગાથા છે. જ્યારે આપણે "સ્વાતંત્ર્યનો અમર ઉત્સવ" કહીએ છીએ, ત્યારે તેમાં ભૂતકાળનું ગૌરવ, વર્તમાનની જવાબદારી અને ભવિષ્યનું સ્વપ્ન ત્રણેય એકાકાર થઈ જાય છે. આઝાદી એ માત્ર શાસન પરિવર્તન નહોતું, પણ ગુલામ માનસિકતામાંથી મુક્ત થઈને માનવતા અને સ્વમાન સાથે જીવવાનો સંકલ્પ હતો.
?આજે આપણે જે ખુલ્લા આકાશમાં શ્વાસ લઈ રહ્યા છીએ, તેની પાછળ ઈતિહાસનાં પૃષ્ઠો પર લોહીથી લખાયેલી અમર કહાનીઓ છે. હસતાં હસતાં ફાંસીનાં માચડે ચડતાં શહીદો, અંધારી કોટડીઓમાં અડગ રહેનારાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સર્વસ્વનો હોમ કરનાર માતાઓની વેદના આપણને યાદ અપાવે છે કે આ આઝાદી ભેટમાં નથી મળી, પણ તેની કિંમત અમીટ બલિદાનોથી ચૂકવાઈ છે. આ અમર ઉત્સવ શહીદોની ચરણરજને વંદન કરવાનો અવસર છે.
?પરંતુ, આજે આ ઉત્સવનાં પર્વ પર આપણે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. શું ભૌતિક આઝાદી મેળવી લેવાથી આપણી જવાબદારી પૂરી થઈ જાય છે? જ્યાં સુધી સમાજમાં અસમાનતા, ભય, શોષણ અને અજ્ઞાનતા છે, ત્યાં સુધી આઝાદી અધૂરી છે. સાચી આઝાદી માત્ર અંગ્રેજોથી મુક્તિ નથી, પરંતુ અહંકાર, સ્વાર્થ, ભ્રષ્ટાચાર અને સંકુચિત માનસિકતાથી મુક્તિ છે. જે રાષ્ટ્રનાં નાગરિકો કર્તવ્યો પ્રત્યે જાગૃત નથી, ત્યાં આઝાદી માત્ર એક કાગળનો ટુકડો બનીને રહી જાય છે. આ ઉત્સવ આપણને યાદ અપાવે છે કે સ્વતંત્રતા એ અધિકાર નથી, પણ એક પવિત્ર ઉત્તરદાયિત્વ છે.
?વર્તમાન પેઢીની ફરજ છે કે આજનાં આધુનિક યુગમાં આપણા સંસ્કારો, સંસ્કૃતિ અને મૂળભૂત માનવતાને જાળવી રાખવી એ આપણો સર્વોચ્ચ રાષ્ટ્રધર્મ છે. દેશ પ્રત્યેની ઈમાનદારી, પર્યાવરણનું રક્ષણ અને એકબીજા પ્રત્યેનો પ્રેમ જ આ દેશને મહાન બનાવશે. રાષ્ટ્ર નિર્માણમાં નિષ્ઠાવાન યોગદાન આપવું જરૂરી છે.
?"સ્વાતંત્ર્યનો અમર ઉત્સવ" એ ૩૬૫ દિવસ સુધી હૃદયમાં ધબકતી દેશભક્તિની અનંત ધારા છે. આવો, પૂર્વજોનાં સક્ષમ, સ્વસ્થ અને અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરવા સંકલ્પ કરીએ. આપણી આઝાદી અમર રહે અને તિરંગો સદૈવ ગગનચુંબી બની લહેરાતો રહે!
?- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

અમદાવાદ, ગુજરાત.
★★★★★★★

**NOG SS NO-162**
વિષય- સ્વતંત્ર્ય અમર ઉત્સવ
શીર્ષક- " દેશકી મીટી સોના ઉગલે "
પ્રકાર-ગધ,શબ્દો-૧૫૦

" સ્વતંત્રતા દિવસ "
અમર રહે ભારત દેશના નામ. આજે
આનંદ ની હેલ આજ આનંદ ની હેલ.
૧૯૪૭, ના વર્ષૅ માં આ દિવસે અંગ્રેજો ની ગુલામી માથી ભારત દેશ આઝાદ થયો હતો .
આથી આઝાદી ની લડત માં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી તેની ખુશી માં દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે આ દિવસે ને ભારત ભરમાં રાષ્ટ્રય તહેવાર તરીકે જાહેર કરવામાં આવેલો છે .
દેશ ના તમામ કાયૅલયોમા આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે.
ભારત ના વડાપ્રધાન લાલ કિલ્લા પર થી તિરંગો ફરકાવે છે અને પ્રજાજોગ સંદેશ આપે છે.
સંદેશ માં તેઓ સરકાર ની પાછલા વર્ષોની સિદ્ધિઓ વર્ણવે છે મહતવના મુદાઓ જણાવે છે અને વધુ પ્રગતિ તથા વિકાસ માટે દેશ ને પડકાર કરે છે.
વડાપ્રધાન આઝાદી ના ચળવળના નેતાઓને શહીદોને શ્રદ્ધાંજલિ આપે છે અને સ્વતંત્રય સેના નિઓને યાદ કરે છે.
ભારત ની સંસ્કૃતિ વિવિધતા નું પ્રદર્શન વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વિગેરે ની ઝાંખી ભારત ની શસ્ત્ર તાકાત નું નિદેશન અને દેશ ના સુરક્ષા દળો ની પરેડ આ ઉજવણી નું અભિન્ન અંગ છે.
મેરે દેશ કી મીટી સોના ઉગલે ઉગલે હીરે મોતી મેરે દેશ કી મીટી.
આ દિવસે ધ્વજ વંદન અને દેશ ભક્તિ ના કાર્યક્રમો યોજાયા છે..!

- રેખા રસિક નાકરાણી (મુંબઈ)
★★★★★★★

**NOG SS No 387**
વિષય:૧૫ ઑગસ્ટ - સ્વાતંત્ર્ય નો અમર ઉત્સવ
શીષૅક: આઝાદી ની અનમોલ ગાથા ...
પ્રકાર:ગદ્ય શબ્દો:૨૮૬
આપણે સૌ ભારતીયો આજે આઝાદી ના ૮૦ માં વર્ષ નાં મંગલ પ્રવેશે આનંદ ની સાથે અમર શહીદો ની યાદ માં શ્રદ્ધાંજલિ/સ્વરાંજલિ અર્પી શું .આ રાષ્ટ્રીય તહેવાર ની ઉજવણી માટે વડાપ્રધાન મોદીજી લાલકિલ્લા પર થી ત્રિરંગો લહેરાવશે.
"મુઠ્ઠી હાડકાં નો મોહન! ( પૂ.બાપુ ) પણ આત્મવિશ્વાસ આભ ને આંબે તેવો!" ગુલામી માંથી ભારત ને આઝાદ કરવા મીઠાં ( નમક )થી શરૂઆત કરી, કે જે અમીર, ગરીબ સૌની પ્રાથમિક જરૂરિયાત છે.અને સૌ નો ભરપૂર સહયોગ પણ મળ્યો.સત્ય, અહિંસા અને ઉપવાસ નાં શસ્ત્રો થી આ લડત/આંદોલનો ચાલુ થઈ ગયાં,જેની અસર આખા દેશમાં થઈ ગઈ.અબાલવૃધ્ધ સૌ કોઈ તેમાં જોડાયા હતા. તેમાં મંગલ પાંડે, ખુદીરામ બોઝ, ભગતસિંહ, સુખદેવ,વીર સાવરકર, ચંદ્ર શેખર આઝાદ, લક્ષ્મી બાઈ....જેવા અનેક નામી-અનામી અસંખ્ય નવયુવાન ભારતીયો ના લોહી પણ રેડાયા છે, ત્યારે ભારત ગુલામી ની જંજીરો માંથી આઝાદ થયું.આકરી કિંમત ચૂકવતાં આઝાદી મળી છે એટલે જ " ૧૫ ઑગસ્ટ સ્વાતંત્ર્ય નો અમર ઉત્સવ ગણાય છે".
૮૦ વર્ષ માં ભારતે ઈસરો દ્વારા મંગલ યાન, ચંદ્ર યાન થી દુનિયા માં ડંકો વગાડી આગવી શાખ+શાન બનાવી છે.તો વળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેડિકલ, ડીજીટલ ઈન્ડિયા, હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ જેવા અનેક ક્ષેત્રોમાં યુવાનો ની મહેનત થકી દુનિયાભરમાં સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું છે. આપણે પણ ત્રિરંગા ની આન,બાન અને શાન વધારતા રહીએ તો જ સાચા ભારતીય સપૂત કહેવાઈશુ.વચ્ચે નાં અશોક ચક્ર ના ૨૪ આકા ની જેમ ૨૪/૭ કાયૅરત રહીશું તો ભારત દુનિયાનું ઘરેણું બની શકે છે".ત્રણેય પાંખ નાં સૈનિકો બૉડર પર અને આપણે સીમા ની અંદર રહી ને રામસેતુ વાળી ખિસકોલી જેવું કાયૅ કરીએ તો ય ઘણું ગણાશે."
"યે દેશ હે વીર જવાનો કા...યે દેશ હૈ દુનિયા કા ગહેના...."
"જરા યાદ કરો કુરબાની..."
"જય હિન્દ, વંદે માતરમ્,
શહીદો અમર રહો."
પુનિતા બેન -અમદાવાદ.
★★★★★★★

**NOGSS NO: 345**
વિષય:૧૫મી ઓગસ્ટ "સ્વાતંત્ર્યનો અમર ઉત્સવ"
શીર્ષક: એકતા મેં હી શકિત હૈ
પ્રકાર:ગદ્ય શબ્દો:૧૨૦

અહિં હું મુદ્દા પાડીને પણ ટૂંકમાં લખીશ.
શા માટે અમર છે?
આ દિવસે ૧૯૪૭માં ભારત આઝાદ થયું. હજારો શહીદોના બલિદાનથી મળેલી આઝાદી એટલે જ એ "અમર" છે.

કેવી ઉજવણી?
લાલ કિલ્લા પર ધ્વજવંદન, ૨૧ તોપોની સલામી, દેશભક્તિના ગીત, શાળાઓમાં પ્રભાતફેરી અને તિરંગા યાત્રા.

સંદેશ શું છે?
એકતા મેં હી શક્તિ હૈ. જાતિ, ધર્મ ભૂલીને દેશ માટે એક થવાનો દિવસ.

આપણે શું કરીએ?
શહીદોને નમન કરીએ, તિરંગાનું સન્માન કરીએ અને દેશને આગળ વધારવાનો સંકલ્પ લઈએ.

એક જ લીટીમાં સાર આપીશ ટૂંકમાં જ.
આઝાદી આસાનીથી નથી મળી, લોહીથી લખાયો છે ઈતિહાસ. એને સાંચવવી એ જ સાચી ઉજવણી.
જય હિંદ! વંદે માતરમ! ??????
હંસા ઝાલા "લાગણી"(સુરત)
★★★★★★★

**NOG ss No. 213.**
વિષય :- સ્વાતંત્ર્યનો અમર ઉત્સવ..
શીર્ષક :- મેરા ભારત મહાન.
પ્રકાર :- ગેય ગીત.

ભિન્ન ભિન્ન જ્યાં જાતી વસતી, ભાત ભાતની બોલી,
સ્વતંત્રતા પર્વ નિમિતે, એક અવાજે સૌ કોઈ બોલો,
મેરા ભારત મહાન, બોલો, મેરા ભારત મહાન.......

જનગણનો જ્યાં નાદ ઉઠે, હિમાલય પાડે પડઘો,
પૂરબ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, તિરંગાથી તરંગ ઉઠે...મેરા ભારત..

રાજઘાટનો જલતો દીપક, સુહાગીનો સિંદુર,
શહીદોના સ્મારકથી આજે, સોનલ વર્ણ શબ્દ સરે... મેરા ભારત..

ધર્મ ચક્ર સંદેશો આપે, સર્વ ધર્મ સમભાવ,
કેશરિયો સાફો બાંધી, શબ્દ
આભાર - નિહારીકા રવિયા સૂર લહેરાય... મેરા ભારત..

હરિયાળી ક્રાંતિને લાવે, શાંતિનું પારેવડું,
જય જવાન જય કિસાન, કદમ મિલાવી બોલે... મેરા ભારત..

તિરંગો લહેરાવી આજે, ભારત માં ને નમીએ,
હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, એક અવાજે કહીએ... મેરા ભારત..

આઝાદ ગગન, આઝાદ પવન, આઝાદ છે સૌ લોકો,
આઝાદીમાં મસ્ત બનીને, સૌ કોઈ નાચો ગાઓ... મેરા ભારત..

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા 'સ્વજન' (જુનાગઢ)
★★★★★★★

ૐ જીજી ૐ - ૧૯૫
વિષય : ૧૫ મી ઓગસ્ટ: "સ્વાતંત્ર્યનો અમર ઉત્સવ"
શીર્ષક: સ્વતંત્રદિને શું કરીએ
પ્રકાર:પદ્ય શબ્દો:૬૦

સ્વતંત્રતાના પાવન પર્વે તમને શું શું કહીએ,
ભેદભાવ ભૂલી જઈ એકજૂથ થઈ રહીએ.

આઝાદીનો ઉત્સવ અનેરો આનંદથી રહીએ,
માનવતા મનમાં રાખીને દિલમાં દયા ભરીએ.

યાદ કરી વીર જવાનોને નત મસ્તક નમીએ,
માનસન્માનથી વંદેમાતરમ્ ગીત ગણગણીએ.

ભીતર રાખી મા ભારતી ભેદભાવ ભૂલીએ,
વસુંધરાને વહાલ કરીને વહાલપને વણીએ.

સલામી દઈએ શાનથી ત્રિરંગો લઈને તરીએ,
રાષ્ટ્રભાવના હૃદય રાખી કુરબાન થઈ જઈએ.
અમૃત શ્રીમાળી (મહેસાણા)
★★★★★★★

**N. O. G. S. S. No. 0102.**
વિષય :-સ્વાતંત્ર્યનો ઉત્સવ.
શબ્દ:-૩૪૨.
ભારત દેશનો ઈતિહાસ અનેક મનવંતરોનો છે જેમાં ભગવાન વિષ્ણુએ ૧૦ અવતારો લીધા. છેલ્લા ૨૦૦ વર્ષથી ભારતમાં અંગ્રેજો આવ્યા અને તેને ગુલામ કરી દીધો.
અંગ્રેજોએ આ દેશમાં આવી અને જગતના કોઈપણ દેશમાં કોઈપણ પ્રજા ઉપર કોઈએ ન કર્યા હોય તેવા અનેક પ્રકારના અત્યાચારો કર્યા અને સંપત્તિ યુરોપ ભેગી કરી અને ભારતને ખૂબ લૂંટ્યો.
૧૮૫૭ માં રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે ,નાનાજી દેશમુખ, જેવા અનેક વિરોએ પોતાના બલિદાન આપ્યા અને આ સંગ્રામને પણ નિષ્ફળ બનાવવામાં આવ્યો.
ત્યાર પછી ભારતની સ્વતંત્રતાની ચળવળ ચાલુ રહી અને છેલ્લે ગાંધીજી, જવાલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, લાલ ,બાલ, પાલ, સુભાષચંદ્ર બોઝ એવા નેતાઓએ દેશની આગેવાની લઈ અને ગાંધીજીએ સત્ય, અહિંસા ,વિદેશી માલનો બહિષ્કાર, અસહકારનું આંદોલન અંગ્રેજોની સામે જુદા જુદા અનેક પ્રકારના આંદોલનો કરી દેશને આઝાદ કર્યો.
૧૯૪૭ના ૧૫મી ઓગસ્ટે ભારતને અંગ્રેજોની ગુલામી માંથી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું.
આપણે જે મહામુલી સ્વાતંત્રતા મળી છે તેનું જતન કરીએ આજે દેશમાં ૩૭ કરોડ જેટલા યુવાનો છે. જો આ દેશના સર્જન માટે તે લોકો પોતાનું યોગદાન આપે તો દેશનો ઝંડો હજારો વર્ષો સુધી આકાશમાં લહેરાતો રહે તેમાં કોઈ શંકા નથી.
? આઝાદીનો આ ઉત્સવ એ સ્વાતંત્ર્યનો ઉત્સવ છે અને એ ઉત્સવને હંમેશા માટે રાખવા માટે દેશના તમામ નાગરિકોએ તન મન ધનથી દેશનું ગૌરવ હોવું જોઈએ, એવા ભાવની સાથે દેશના વિકાસમાં કોસીશ કરવી જોઈએ. ગરીબી, બેકારી નાબૂદ કરવી જોઈએ. દેશનું અર્થતંત્ર, ઔદ્યોગિકતંત્ર, શિક્ષણ, વિજ્ઞાન અને તમામ સર્વાંગી ક્ષેત્રોમાં દેશનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ ભારતના લોકોએ કરી અને દેશને ગૌરવ મળે અને આપણી સ્વતંત્રતાનું હંમેશા દુનિયાના દેશોમાં ગૌરવ થાય તેવું કાર્ય કરવું જોઈએ.
મારા નેતૃત્વમાં ૧૯૭૩થી ૧૯૯૮ સુધી મીઠાપુર હાઈસ્કુલ ટાટા કેમિકલ્સ માં મીઠાપુર મુકામે એન.સી.સી .નેવી ,આર્મી, એરફોર્સ અને ગર્લ્સ એન.સી.સી.ની ભવ્ય પરેડ ૧૫મી ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીના દિવસે દર વર્ષે યોજવામાં આવતી હતી તેની સાથે અનેક ટેબલો ના પણ કાર્યક્રમો યોજવામાં આવતા હતા. દિલ્હીમાં ૨૬મી જાન્યુઆરીની પરેડ થાય તેવી પરેડ મીઠાપુરમાં આ દિવસો દરમિયાન જોવા મળતો હતો જે મીઠાપુરના લોકોની દેશભક્તિને ભાવનાને વ્યક્ત કરતી હતી.
રતીલાલ વાયડા.(રોડપાલી, નવી મુંબઈ.)

# ૭૮ વર્ષ પછી પણઃ આઝાદીનાં મીઠા ફળો ક્યાં છે!?(લેખકઃ સુનીલ રાજેન્દ્ર બર્મન (સંત સુરા)

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭. લાલ કિલ્લા પરથી તિરંગો ફરક્યો. કરોડો ભારતીયોની આંખમાં આંસુ અને હોઠ પર એક જ શબ્દ: "આઝાદી".

પણ આજે ૭૮ વર્ષ પછી સવાલ ઉઠે છે - શું આપણે ખરેખર આઝાદીનાં મીઠા ફળો ચાખી શક્યા?

વિન્સ્ટન ચર્ચિલે એક સમયે કહ્યું હતું કે "ભારતીયો આઝાદીને લાયક નથી, પરિપક્વ નથી. સત્તા છેવટે દેશના પિંજારાઓ પાસે જશે." આ વાક્ય સાંભળીને આપણને ગુસ્સો આવે. પણ અરીસામાં જોઈએ તો કેટલીક હકીકતો આંખમાં ખૂંચે છે.

૧. રાજકીય આઝાદી મળી, સામાજિક આઝાદી?
અંગ્રેજ ગયા. પણ તેમની જગ્યાએ નવા "માલિકો" આવ્યા. જાતિ, ધર્મ, પ્રદેશના નામે વોટ બેંક બનાવનારા નેતાઓ. ચૂંટણી આવે એટલે મંદિર-મસ્જિદ, જાતિના નારા. વિકાસ, શિક્ષણ, રોજગારની વાત ક્યાં?

ભ્રષ્ટ રાજકારણી માટે દેશ સેવાનું સ્થળ નહીં, ધંધાનું સ્થળ બની ગયો છે. ૫ વર્ષનું રોકાણ, ૫૦ વર્ષની કમાણી. ટેંડર, કમિશન, ટ્રાન્સફર - આ જ તેમનો એજન્ડા. ગરીબ માટે યોજના આવે છે, પણ ૧૦૦ રૂપિયામાંથી ૨૦ રૂપિયા જ પહોંચે છે. બાકીનું ક્યાં જાય છે? આ જ સવાલનો જવાબ કોઈ આપતું નથી.

૨. આર્થિક આઝાદી કે નવી ગુલામી?
અમે દુનિયાની ૫મી મોટી અર્થવ્યવસ્થા બન્યા. પણ સાથે સાથે બેરોજગારી, મોંઘવારી અને દેવું પણ વધ્યું. ખેડૂત આત્મહત્યા કરે છે અને નેતાનો દીકરો વિદેશમાં ભણે છે.
સરકારી ઓફિસમાં કામ કરાવવું હોય તો "સાહેબને મળવું પડે". આ કઈ આઝાદી? આ તો નવી અંગ્રેજી છે - ફાઈલની અંગ્રેજી.

૩. નૈતિક આઝાદીનું સંકટ
સૌથી મોટો ખતરો અહીં છે. આપણે બંધારણને માનીએ છીએ, પણ ચરિત્રને ભૂલી ગયા.
ટ્રાફિક સિગ્નલ તોડવું, ટેક્સ ન ભરવો, લાઈનમાં ન ઉભા રહેવું - "ચાલે" એવું માનવું.
નેતા ભ્રષ્ટ છે એમ કહીને આપણે પોતે નાનો ભ્રષ્ટાચાર કરીએ. પછી ફરિયાદ કોની કરવી?

ચર્ચિલનું વાક્ય આંશિક સાચું પડે છે ત્યારે જ્યારે આપણે જવાબદાર નાગરિક બનવાનો ઈન્કાર કરીએ. આઝાદી એટલે માત્ર અધિકાર નહીં, ફરજ પણ છે.

૪. યુવા પેઢી અને રાષ્ટ્રપ્રેમ
આજનો યુવાન હોશિયાર છે. મોબાઈલમાં દુનિયા જોઈ લે છે. પણ તેને રોજગાર નથી, દિશા નથી.
તેને કહેવામાં આવે છે "દેશ માટે મરો", પણ "દેશ માટે જીવવાની" તક નથી આપવામાં આવતી.
જે દેશમાં શિક્ષક, ડોક્ટર, સૈનિક કરતાં નેતાના પીએની કિંમત વધારે હોય ત્યાં યુવાનનો વિશ્વાસ કેવી રીતે જાગે?

૫. રસ્તો શું? ઉપાય શું?

છ. નેતા નહીં, નીતિ બદલોઃ વોટ આપતા પહેલા જાતિ નહીં, કામ જુઓ. જે નેતા ૫ વર્ષમાં એક વાર દેખાય તેને નકારો.
મ. સિસ્ટમને સવાલ કરોઃ ઈૅ વાપરો. સ્થાનિક સમસ્યા માટે સરપંચથી સાંસદ સુધી પત્ર લખો. ચૂપ ન રહો.
ઝ. ઘરથી શરૂઆતઃ બાળકને દેશભક્તિ એટલે માત્ર ૧૫મી ઓગસ્ટે ગીત ગાવાનું નહીં, રોજ પ્રમાણિકતાથી કામ કરવાનું શીખવો.
ઢ. ભ્રષ્ટાચારને "ના" કહોઃ ૧૦૦ રૂપિયાની લાંચ આપવાને બદલે ૧ કલાક રાહ જુઓ. નાની શરૂઆત મોટો બદલાવ લાવશે.

એ વાસ્તે પરામર્ષ પછી નિષ્કર્ષ:
આઝાદી કોઈએ ભેટમાં આપી નથી. ભગતસિંહ, ગાંધી, પટેલ, નેતાજીએ લોહીથી ખરીદી છે.
ચર્ચિલ ખોટા હતા કારણ કે ભારતીયો પરિપક્વ થયા છે. પણ આપણી પરિપક્વતાની કસોટી હવે શરૂ થાય છે.

આઝાદીનાં મીઠા ફળ ત્યારે જ મળશે જ્યારે આપણે "હું" માંથી "આપણે" તરફ જઈશું. જ્યારે નેતા સેવક બનશે અને નાગરિક જાગૃત બનશે.

આ ૧૫મી ઓગસ્ટે તિરંગાને સલામ કરવાની સાથે પોતાને પણ એક સવાલ પૂછીએ: "હું દેશ માટે શું કર્યું?"

"સ્વરાજ એટલે સ્વ-શાસન, અને સ્વ-શાસન એટલે સ્વ-અનુશાસન" - ગાંધીજીનું આ સ્વપ્ન હજુ બાકી છે.

આપણે તે પૂરું કરીશું. વંદે માતરમ!ભારત માતા કી જય! જય હિન્દ!
લેખક:સુનીલ રાજેન્દ્ર બર્મન

# મંત્રીશ્રી પી.સી. બરંડાની ઉપસ્થિતિમાં ઉત્સાહપૂર્વક તિરંગા યાત્રામાં અનેરો જોશ જોવા મળ્યો



અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આજે તિરંગા યાત્રા યોજાઈ હતી. માનનીય મંત્રીશ્રી પી.સી. બરંડાની ઉપસ્થિતિમાં આ યાત્રા ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના વાતાવરણમાં સંપન્ન થઈ. તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં નાગરિકો, યુવાનો, વિદ્યાર્થીઓ અને મહિલાઓએ તિરંગા સાથે માર્ચમાં ભાગ લીધો હતો.

યાત્રાની શરૂઆત ભિલોડા તાલુકાના મુખ્ય વિસ્તારથી થઈ હતી. મંત્રીશ્રી પી.સી. બરંડાએ તિરંગા ધ્વજ ફરકાવીને યાત્રાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે હાજર જનતાને સંબોધતાં જણાવ્યું હતું કે તિરંગો આપણા દેશની આઝાદી, એકતા અને સાર્વભૌમત્વનું પ્રતીક છે. દરેક નાગરિકે તિરંગાનું સન્માન કરવું અને તેની ગૌરવવંતી પરંપરાને આગળ વધારવી જોઈએ. તેમણે યુવાનોને દેશભક્તિના માર્ગે આગળ વધવા અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવા અપીલ કરી હતી.

યાત્રા દરમિયાન ભાગ લેનારાઓએ તિરંગા ફરકાવીને "ભારત માતા કી જય", "વંદે માતરમ" જેવા નારા લગાવ્યા હતા. માર્ગમાં વિવિધ સ્થળોએ નાગરિકોએ ફૂલહાર આપીને યાત્રાનું સ્વાગત કર્યું હતું. તાલુકાના અનેક ગામોના લોકોએ પણ આ કાર્યક્રમમાં જોડાઈને તિરંગા પ્રત્યેની પોતાની ભાવના વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં શાંતિ અને શિસ્ત જળવાઈ રહી હતી. મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ તિરંગા યાત્રાએ ભિલોડા તાલુકામાં દેશભક્તિની લહેર જગાવી છે. સ્થાનિક વહીવટી અધિકારીઓ, સ્થાનિક હોદ્દેદારો, પોલીસ વિભાગ અને સ્વયંસેવકોના સહકારથી કાર્યક્રમ સુચારુ રીતે પૂર્ણ થયો હતો. આવા કાર્યક્રમો દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રીય ભાવના વધે અને તિરંગાનું મહત્ત્વ દરેક ઘર સુધી પહોંચે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર ૧૬ દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર સમારોહ યોજાયો જેમાં નિરવ ધનેશ્વરભાઈ મહેતા એ તાજેતરમાં પી એચ ડી ની પદવી પ્રાપ્ત કરતા સમાજે બહુમાન કરતા બ્રહ્મ સમાજ તથા મહેતા પરિવાર નું ગૌરવ વધારેલ છે

# મોડાસા ખાતે પ્રમુખસ્વામી મહારાજ ના સ્મૃતિ દીને "પ્રમુખસ્વામી મહારાજ સરોવર"નું અભિલેખ લોકાર્પણ કરાવવામાં આવ્યું...








(પ્રતિનિધિ દ્વારા)

પ્રમુખસ્વામી મહારાજ ના દસમી સ્મુતિદિન (૧૩ ઓગસ્ટ સાથે સાથે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે જ) નિમિત્તે મોડાસા મ્છૅજી સ્વામિનારાયણ મંદિર અને મોડાસા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય કાર્યક્રમ યોજાયો.

આ શુભ પ્રસંગે મોડાસાના ઐતિહાસિક બાડેસર તળાવનું ×પ્રમુખસ્વામી મહારાજ સરોવર×તરીકે નામાંકન કરી તેના અભિલેખનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન મ્છૅજી સંતોએ પ્રમુખસ્વામી મહારાજ મોડાસા સાથેના દિવ્ય સંસ્મરણો તથા કિશોરપુરા ગામમાં ગાડામાં બેસીને સામાન્ય હરિભક્ત ના કુવાનું ખાતમુહૂર્ત કરવા જેવા પ્રેરણાદાઈ પ્રસંગને સંતો દ્વારા ઉજાગર કરવામાં આવેલ હતો. સંતોએ જણાવ્યું હતું કે આ સરોવરનું નામાંકરણ સમગ્ર મોડાસા ના વિસ્તારને શાંતિ, સમૃદ્ધિ અને પ્રેરણા નું સ્ત્રોત્ર બની રહેશે તેવી આશા વ્યક્ત કરેલ.

★આ શુભ પ્રસંગે મોડાસા સ્વામિનારાયણ ના સંતો , ડૉ. શ્રી જે. બી. સોમપુરા, ડૉ. શ્રી જીતુભાઈ તેમજ મોટી સંખ્યામાં હરિભક્તો નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી ભદ્રેશભાઈ પટેલ,નગરપાલિકા ના પ્રમુખશ્રી જયશ્રીબેન પટેલ,કોર્પોરેટરો તેમજ પત્રકારો ઉપસ્થિત રહેલ

તસવીર અને અહેવાલ મહેન્દ્ર પટેલ મઠવાસ

# સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પુણ્યશ્લોકા દેવી અહિલ્યાબાઈ હોલકરની ૨૩૧મી પુણ્યતિથિ પર પુષ્પાંજલિ




મધ્યપ્રદેશના વિદર્ભ પ્રાંતમાં અતિ કઠીન સમયમાં ત્રણ દાયકા સુશાસન કરનાર સામાન્ય પરિવારમાં જન્મ લઈ સર્વસ્વીકૃત રાજમાતા સુધીની સફર કરનાર આદર્શ નારી પુણ્યશ્લોકા દેવી અહિલ્યાબાઈ હોલકરની ૨૩૧મી પુણ્યતિથિ પર ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજના કોલેજ વિમેન ડેવલોપમેન્ટ સેલ દ્વારા પુષ્પાંજલિ કરવામાં આવી, કોલેજના આચાર્ય ડૉ આશિષ જનકરાય દવે એ તેઓના સરળ જીવન, સાહસ, વ્યૂહાત્મકતા, ન્યાય પરાયણતા, માનવ સંસાધન સંચાલન, રાષ્ટ્રના સર્વાંગી વિકાસ સાથે ધર્મપરાયણતા સંદર્ભે ઉદાહરણ સાથે પ્રેરણાત્મક ઉદબોધન કરી સેવિકા સમિતિ દ્વારા અનુવાદિત અને પ્રકાશિત પુસ્તક મહાવિદ્યાલય પુસ્તકાલય માંથી પ્રત્યેક વિદ્યાર્થી અને અધ્યાપકને વાંચવા અપીલ કરી, સત્તા સેવા માટે છે તેના ઉદાહરણ સ્વરૂપે પ્રત્યેક સારા કાર્યોનો યશ આરાધ્યને આપવાની તેઓના સંસ્કાર પ્રત્યેક નિર્ણયને રાજ આજ્ઞાના સ્થાને શિવ આજ્ઞા તરીકે સ્વીકારવાની સરળતા પંચકોષ સિધ્ધાંત મુજબ આનંદમય કોષની સિધ્ધિ સાથે અનન્ય શ્રધ્ધા પ્રત્યેક માટે પ્રેરણા આપનાર બની રહે છે, કાર્યક્રમનું આયોજન કોલેજ વિમેન ડેવલોપમેન્ટ સમિતિ ડૉ. રમીલાબેન પટેલ અને સમર્પણ મૂલ્ય પ્રવાહ સમિતિ દ્વારા કરવામાં આવ્યું, ઉદબોધન બાદ પ્રત્યેક વિદ્યાર્થી - અધ્યાપક ભાઈઓ બહેનોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં સ્થાનિક પત્રકારો સાથે ગેરવર્તણૂક કલેક્ટરને આવેદન પાઠવી કાર્યક્રમનો બહિષ્કાર કરાયો

આહવા.

ડાંગ જિલ્લાના પ્રખ્યાત પ્રવાસન ધામ સાપુતારા ખાતે આયોજિત મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન સ્થાનિક પત્રકારો સાથે થયેલા અન્યાયી અને અપમાનજનક વર્તનના વિરોધમાં ડાંગ જિલ્લાના સમસ્ત સ્થાનિક પત્રકારો દ્વારા આહવા કલેક્ટરશ્રીને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. પત્રકારોએ કલેક્ટર સમક્ષ રજૂઆત કરીને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

ગત તારીખ ૦૮/૦૮/૨૦૨૬ના રોજ સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સરકારી કાર્યક્રમના કવરેજ માટે ડાંગ જિલ્લા માહિતી વિભાગ દ્વારા જિલ્લાના તમામ સ્થાનિક પત્રકારોને સત્તાવાર રીતે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આમંત્રણને માન આપીને તમામ પત્રકારો ઉત્સાહભેર કવરેજ માટે સાપુતારા સ્થિત કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. કાર્યક્રમમાં રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા લોકશાહીની ચોથી જાગીર સમાન પત્રકારો માટે અત્યંત બિનવ્યાવસાયિક અને અયોગ્ય વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. પ્રેસ ગેલેરીને એવી રીતે કોર્ડન કરી દેવામાં આવી હતી કે પત્રકારો માટે કવરેજ કરવું ખૂબ જ મુશ્કેલ બની ગયું હતું. આ ઉપરાંત, પત્રકારોને બેસવા માટે પૂરતી ખુરશીઓ, લેટરપેડ કે પીવાના પાણી જેવી પ્રાથમિક સવલતો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. જેના કારણે આશરે ૩૦ થી ૪૦ જેટલા પત્રકારોને આખો સમય ઊભા રહીને જ કામ કરવાની ફરજ પડી હતી.

પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જયારે પત્રકારો અને ફોટોગ્રાફર્સ વિડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી માટે આગળ વધ્યા. એ સમયે ત્યાં ફરજ પર તૈનાત પોલીસ અધિકારીઓ દ્વારા તેમને અટકાવવામાં આવ્યા હતા. પત્રકારોનો આરોપ છે કે પોલીસે તેમની સાથે અત્યંત ગેરવર્તણૂક કરી હતી અને ×કવરેજ કરવું હોય તો કરો, નહીતર અહીંથી જતા રહો× એવું અપમાનજનક વલણ અપનાવ્યું હતું. હજારો લોકોની મેદની વચ્ચે પત્રકારોના આ પ્રકારે થયેલા જાહેરમાં અપમાનને કારણે



તમામ પત્રકારોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો અને તેમણે એકસૂરે સમગ્ર કાર્યક્રમનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો.પત્રકારોએ આ ઘટનાને પત્રકારત્વની ગરિમા પર પ્રહાર ગણાવ્યો છે. કલેક્ટરશ્રીને પાઠવેલા આવેદનપત્રમાં સ્થાનિક પત્રકારોએ માંગ કરી છે કે, આ ગંભીર બાબતે તટસ્થ તપાસ કરવામાં આવે અને જવાબદાર પ્રવાસન વિભાગના અધિકારીઓ તેમજ અયોગ્ય વર્તન કરનાર પોલીસ કર્મચારીઓ સામે યોગ્ય કાયદાકીય અને શિસ્તભંગની કાર્યવાહી કરીને સ્થાનિક પત્રકારોને ન્યાય આપવામાં આવે.આ આવેદનપત્રની નકલ માનનીય મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, માહિતી નિયામક(ગાંધીનગર), ડાંગ જિલ્લા પોલીસ વડા અને પ્રવાસન વિભાગને પણ યોગ્ય કાર્યવાહી અર્થે રવાના કરવામાં આવી છે.

# ભારત સ્કાઉટ-ગાઈડ સાબરકાંઠા–અરવલ્લીનું પ્રકૃતિની ગોદમાં ખીલેલું "પ્રકૃતિ સહભોજન"નું મેઘધનુષ્ય



ભારત સ્કાઉટ-ગાઈડ સાબરકાંઠા–અરવલ્લીનું પ્રકૃતિની ગોદમાં ખીલેલું "પ્રકૃતિ સહભોજન"નું મેઘધનુષ્ય

રીમઝીમ વરસાદની રિમઝિમ સાથે,

હરિયાળી ધરતીના ખોળે,

વાંટડાની પ્રકૃતિમય ધરતી પર,

સહકાર, સેવા અને સંસ્કારના રંગોથી, "પ્રકૃતિ સહભોજન"નું મેઘધનુષ્ય ખીલી ઊઠ્યું. સ્કાઉટ-ગાઈડ પરિવારના સભ્યોએ પોતાના હાથે લાકડાં ભેગાં કર્યાં, ચૂલા પ્રગટાવ્યા, રોટલા બનાવ્યા , કઢી બનાવી, ઔષધીય બીજ રોપ્યાં અને સૌ સાથે સહભોજનનો આનંદ માણ્યો. જાણે પ્રકૃતિ પોતે પાઠશાળા બની અને દરેક પ્રવૃત્તિ જીવનનો એક નવો પાઠ બની ગઈ.

વાંટડાગામ ના સરપંચશ્રી હીરર્સિંહ,ભાજપ આગેવાન વનરાજસિહ રાઠોડ તથા ગ્રામજનોએ આત્મીયતાના અમૃતથી સહકારની સરવાણી વહાવી કાર્યક્રમની શોભામાં વધારો કર્યો.ગુજરાત રાજ્યના તાલીમ કમિશનર (ગાઈડ) શ્રીમતી નીરૂબેન જાદવ તથા સહાયક શ્રીમતી રેખાબેન જાદવની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિએ આ પ્રકૃતિ ઉત્સવમાં પ્રેરણા અને માર્ગદર્શનની સુગંધ ભરી દીધી. ચીફ કમિશનર શ્રી અતુલભાઈ દીક્ષિતના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ સમગ્ર સ્કાઉટ-ગાઈડ પરિવારના સહકારથી સેવા, શિસ્ત, સ્વાવલંબન, નેતૃત્વ, આત્મવિશ્વાસ અને ટીમવર્કના સાત રંગોનુંઅદભુત મેઘધનુષ્ય સર્જાયું.આ સુંદર સફળતાના શિલ્પીઓ ઈવેન્ટ મેનેજર શ્રી ચૈતન્યભાઈ ભટ્ટ (ઉપપ્રમુખ), શ્રીમતી વૈશાલીબેન પટેલ(તાલીમકમિશનર–ગાઈડ) મહેન્દ્રભાઈ કટારા(જિલ્લામંત્રી), સીમાબેન શાહ(જિલ્લા સહમંત્રી) સહિત સમગ્ર આયોજન ટીમ, અને સહભાગી બનેલા તમામ સ્કાઉટ, ગાઈડ, સ્કાઉટર, ગાઈડર તથા શિક્ષકશ્રીઓનો અમૂલ્ય સહકાર રહ્યો.

# ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષ નિમિત્તે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

રાષ્ટ્રગીત/રાષ્ટ્રગીત-ગીતના પ્રણેતા બંકિમચંદ્ર ચેટર્જી રચિત અમર ગીત 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરને ધ્યાનમાં રાખીને, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે એક ભવ્ય અને પ્રેરણાદાયી 'તિરંગા યાત્રા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રભક્તિસભર રેલીમાં ડાંગ જિલ્લાના અગ્રણીઓની સાથે મોટી સંખ્યામાં નાગરિકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાણ નોંધાવ્યું હતું.

?આ રાષ્ટ્રભક્તિના મહાપર્વ સમાન તિરંગા યાત્રામાં ડાંગ જિલ્લા કલેક્ટર સાહેબ, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક અને ડાંગના લોકલાડીલા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રાજેશભાઈ ગામીત, ડાંગ જિલ્લા વિકાસ અધિકારી (ઙ્ઘઙ્ઘ)શ્રી, નાયબ ઙ્ઘઙ્ઘશ્રી તેમજ ડાંગ પોલીસ વિભાગની આખી ટીમ, વન વિભાગના (ફોરેસ્ટ) અધિકારીશ્રીઓ, વિવિધ શાળાઓના ઉત્સાહી બાળકો અને સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

?આહવા ખાતે નીકળેલી આ વિશાળ રેલી દરમિયાન સમગ્ર વાતાવરણ "ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના ગુંજતા નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. સહુના હાથમાં ત્રિરંગો ધ્વજ લહેરાતો જોઈને ડાંગવાસીઓમાં અદ્ભુત દેશપ્રેમ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

?આ તિરંગા યાત્રા દ્વારા દેશની આઝાદી માટે શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે દેશની અખંડિતતા, એકતા અને રાષ્ટ્રભાવના જાળવી રાખવાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો હતો. સ્થાનિક તંત્ર અને પદાધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ કાર્યજન્ય આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat